હાલાઇ મુસ્લિમ ખત્રી મુખપત્ર
# માસિક ખાદિમ

પ્રકાશક : ઓલ મુસ્લિમ-ખત્રી અંજુમન(પોરબંદર)
તંત્રી :- મો. રફીક વલીમોહંમદ મચ્છર
RNI Title Code : GUJGUJ/08093 Reg. No. 15043
Post-Reged-No.-L2/18/G-PBR-35/2024-26

SBI A/C No. 56151002330
IFSC CODE : SBIN0060151
Printing Date : 25-01-2023

ફેબ્રુઆરી - ૨૦૨૪ ★ ૧-૨-૨૦૨૪, ગુરૂવાર ★ અંક નં. ૫૬૩
વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- પરદેશ(એરમેઇલ) £ 10/- છૂટક નકલ : રૂા. ૧૦/-

## ખાદિમના ખૈર ખ્વાહ

ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન (પોરબંદર) નું મુખપત્ર ''ખાદિમ'' આપણી બિરાદરીની સામાજિક સેવામાં અવિરત પ્રમાણે કાર્યરત છે. એ અલ્લાહનાં કરોડો એહસાન છે.

વર્તમાન સમયમાં કાગળના ભાવ, પ્રિન્ટીંગ ખર્ચ, પોસ્ટેજ ખર્ચમાં સતત વધારો થઇ રહ્યો છે. આ સમયમાં ખાદિમને આપણા સમાજમાંથી સતત આર્થિક સહયોગ મળી રહ્યો છે. આર્થિક સહયોગ આપનાર તમામ બિરાદરોનો અંજુમનની મેનેજીંગ કમિટી ખરા હૃદયથી આભાર માને છે.

ફેબ્રુઆરી ૨૦૨૪ નાં અંકમાં પોરબંદર જમાતના જે બિરાદરોએ એક વર્ષનું લવાજમ આપેલ છે તેઓનો પણ મેનેજીંગ કમિટી આભાર માને છે. લવાજમ આપનાર બિરાદરોની નામાવલિ આપેલ છે. ખાદિમનું લવાજમ ભરનારને તેમજ લવાજમ ન ભરનારાઓને પણ (સ્થાનિક, દેશ-વિદેશ) ખાદિમ નિયમિત રીતે દર મહિનાની પહેલી તારીખે પોસ્ટ કરવામાં આવે છે.

હજુપણ કોઇ બિરાદરોએ લવાજમ ન ભર્યુ હોય અને સ્વૈચ્છિક ભરવાની ઇચ્છા થાય તો વિના સંકોચે અંજુમન ઓફિસે મોકલાવી આપશો. બીજુ આપણી બિરાદરીમાં ઘણાં ચિંતકો, લેખકો, કવિઓ છે જ. તેઓને નમ્ર વિનંતી કે આપનામાં પડેલ વિશિષ્ટતાને ખાદિમ સુધી પહોંચાડો. ખાદિમ તેઓનો સ્વીકાર કરી ક્રમશઃ આર્ટીકલ આપવામાં આવશે. ઇન્શાઅલ્લાહ.

| | | | |
|---|---|---|---|
| ૧ | જનાબ ઇલિયાસ મહંમદ ધડા | ૧૦૦/- | પોરબંદર |
| ૨ | જનાબ ફીરોઝ કાસીમ દગીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૩ | જનાબ ખાલીદ કાસીમ દગીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૪ | જનાબ અસ્ફાક કાસીમ દગીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૫ | જનાબ મો. બશીર નુરમોહંમદ ખજુરીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૬ | જનાબ આરીફ અ.રહીમ ભેડા | ૧૦૦/- | પોરબંદર |
| ૭ | મોહતરમા મરીયમ આમદ વલોરા | ૧૦૦/- | પોરબંદર |
| ૮ | જનાબ કાસમ હારૂન ધડા | ૧૦૦/- | પોરબંદર |
| ૯ | જનાબ રજાક આદમ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |
| ૧૦ | જનાબ મો. રફીક મામદ દગીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૧૧ | જનાબ અ. અઝીઝ મામદ ટાટારીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૧૨ | જનાબ અ.કાદીર અ.અઝીઝ ટાટારીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૧૩ | જનાબ ઇમ્તિયાઝ અબ્દુલ્લાહ માંધુ | ૧૦૦/- | પોરબંદર |
| ૧૪ | જનાબ મો. રફીક અયુબ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |
| ૧૫ | જનાબ યાકુબ વલીમોહમંદ મચ્છર | ૧૦૦/- | પોરબંદર |
| ૧૬ | જનાબ સિદીક કાસમ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |
| ૧૭ | જનાબ મો. રફીક અબ્દુલ્લાહ વિજળીવાળા | ૧૦૦/- | પોરબંદર |
| ૧૮ | જનાબ મો. અમીન અ.લતીફ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | જનાબ અકીલ અનવર ધુમરા | ૧૦૦/- | પોરબંદર |
| ૨૦ | જનાબ મો.રફીક ઈસ્માઈલ ભેડા | ૧૦૦/- | પોરબંદર |
| ૨૧ | જનાબ જુનેદ મો.ઉમર પટેલ | ૧૦૦/- | પોરબંદર |
| ૨૨ | જનાબ ઉમર ગુલામ મોહંમદ લીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૨૩ | જનાબ અ.સતાર આહમદ માંધુ | ૧૦૦/- | પોરબંદર |
| ૨૪ | જનાબ યુનુસ મોહંમદ ધડા | ૧૦૦/- | પોરબંદર |
| ૨૫ | જનાબ અફઝલ અસલમ ધુમરા | ૧૦૦/- | પોરબંદર |
| ૨૬ | જનાબ જાવિદ ઈસ્માઈલ ધડા | ૧૦૦/- | પોરબંદર |
| ૨૭ | જનાબ ડો. આહમદ સુલેમાન ધુમરા | ૧૦૦/- | પોરબંદર |
| ૨૮ | જનાબ ફયાઝ ગુલામહુસેન ધુમરા | ૧૦૦/- | પોરબંદર |
| ૨૯ | જનાબ મોહમ્મદ અ. રહીમ કારાતેલા | ૧૦૦/- | પોરબંદર |
| ૩૦ | જનાબ સોહેલ એહમદ ઈકબાલ ધડા | ૧૦૦/- | પોરબંદર |
| ૩૧ | જનાબ આહમદ હાસમ દગીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૩૨ | જનાબ નુરમોહંમદ યુસુફ વિજળીવાઢા | ૧૦૦/- | પોરબંદર |
| ૩૩ | જનાબ યુસુફ મો.હુસેન ધડા | ૧૦૦/- | પોરબંદર |
| ૩૪ | જનાબ અ.ગની મોહંમદ ધડા | ૧૦૦/- | પોરબંદર |
| ૩૫ | જનાબ અકરમ મો. ઈકબાલ ધુમરા | ૧૦૦/- | પોરબંદર |
| ૩૬ | જનાબ નઝીર એહમદ અ.શકુર કારાતેલા | ૧૦૦/- | પોરબંદર |
| ૩૭ | જનાબ આહમદ હાજી આદમ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |
| ૩૮ | જનાબ ફારૂક હાસમ ડોર | ૧૦૦/- | પોરબંદર |
| ૩૯ | જનાબ પરવેઝ તૈયબ ધુમરા | ૧૦૦/- | પોરબંદર |
| ૪૦ | જનાબ આરીફ દાઉદ કારાતેલા | ૧૦૦/- | પોરબંદર |
| ૪૧ | જનાબ મુસ્તુફારઝા અલીમોહંમદ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |
| ૪૨ | જનાબ ડો. નુરૂલઅમીન અ.કાદર ખુડખુડીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૪૩ | જનાબ આસીફ સુલેમાન કારાતેલા | ૧૦૦/- | પોરબંદર |
| ૪૪ | જનાબ આહમદ અ.રહીમ ભેડા | ૧૦૦/- | પોરબંદર |
| ૪૫ | મોહતરમા કુલસુમ દાઉદ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |
| ૪૬ | જનાબ મો. રફીક ઈબ્રાહીમ ખથુરીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૪૭ | જનાબ મેહમુદ ગુલામહુસેન કારાતેલા | ૧૦૦/- | પોરબંદર |
| ૪૮ | જનાબ મકસુદ એહમદ અ. સતાર ભેડા | ૧૦૦/- | પોરબંદર |
| ૪૯ | જનાબ આફતાબ ગુલામહુસેન કારાતેલા | ૧૦૦/- | પોરબંદર |
| ૫૦ | જનાબ મો. શફી ગુલામહુસેન કારાતેલા | ૧૦૦/- | પોરબંદર |
| ૫૧ | જનાબ અ.શકુર અ.અઝીઝ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |
| ૫૨ | જનાબ અ.મજીદ હાજી દાઉદ ધડા | ૧૦૦/- | પોરબંદર |
| ૫૩ | જનાબ હાફીઝ રીફાકત અનવર ધુમરા | ૧૦૦/- | પોરબંદર |
| ૫૪ | જનાબ યુનુસ આહમદ રવશીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૫૫ | જનાબ હાસમ ઈબ્રાહીમ ધડા | ૧૦૦/- | પોરબંદર |
| ૫૬ | જનાબ મો. અમીન અ.સતાર ડોર | ૧૦૦/- | પોરબંદર |
| ૫૭ | જનાબ હાજી કાસમ હાજી યુસુફ કારાતેલા | ૧૦૦/- | પોરબંદર |
| ૫૮ | જનાબ હાજી હાસમ હુસેન દગીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૫૯ | જનાબ મો. હુસેન અ.સતાર ધડા | ૧૦૦/- | પોરબંદર |
| ૬૦ | જનાબ ઈકબાલ અ.સતાર ડોર | ૧૦૦/- | પોરબંદર |
| ૬૧ | જનાબ નુરમોહંમદ સીદીક ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |

| | | | |
|---|---|---|---|
| ૬૨ | જનાબ મો. રફીક વલીમહમદ મચ્છર | ૧૦૦/- | પોરબંદર |
| ૬૩ | જનાબ યુનુસ દાઉદ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |
| ૬૪ | જનાબ અબ્દુલ્લાહ આહમદ રવશીયા | ૧૦૦/- | પોરબંદર |
| ૬૫ | જનાબ યુનુસ હાસમ ડોર | ૧૦૦/- | પોરબંદર |
| ૬૬ | જનાબ અ.મજીદ અ. ખાલીદ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |
| ૬૭ | જનાબ ઈરફાન અ.સતાર ભુછડા | ૧૦૦/- | પોરબંદર |
| ૬૮ | જનાબ અબુબકર મો. ઉમર ઘડા | ૧૦૦/- | પોરબંદર |
| ૬૯ | જનાબ સોયબ અ.ખાલીદ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |
| ૭૦ | જનાબ હારૂન તૈયબ ઘુમરા | ૧૦૦/- | પોરબંદર |
| ૭૧ | જનાબ અબ્દુલ્લાહ મામદ મચ્છર | ૧૦૦/- | પોરબંદર |
| ૭૨ | જનાબ હુસેન અ.લતીફ ગીરાચ | ૧૦૦/- | પોરબંદર |
| ૭૩ | જનાબ આહમદ અયુબ માંધુ | ૧૦૦/- | પોરબંદર |
| ૭૪ | જનાબ મેહમુદ અ.ગની કારાતેલા | ૧૦૦/- | પોરબંદર |

## ANNOUNCE THE TRUTH WITHOUT FEAR

**Beware of the Agents of Unholy Unity. Their Claim of Being Sunnis is Futile. Their Aim is to United the Pure with the Impure. Sayyidi Aala Hazrat Azeem ul Barkat (Radi Allahu Anhu) Refuted This All his Life.**

Today, there are many who claim to follow 'Maslak e Aala Hazrat', but they say to the Muslim, 'Do not Waste Your Time Speaking Against the Deviants. Just Learn our Way and Educated our Public About **Sunniyat**. There is no need to waste time Refuting such people and Speaking Against them in our Lectures.'

Such people claim to be from the **'Ahle Sunnah'**, but they want to unite with the deviants and they wish to take the support of these evil sects who regard the vast majority os the Muslims in the wolrd as 'Mshriks'. Shame on such people and such organizations ! How can any Muslim be comfortable with deviants and take them as their partners in their Deeni matters ? This is clear **Sulhe-Kulliyat** and such people who try to forge such unity with deviants (Badmazhabs) are Sulhe-Kullis (Agents of Unholy Unity).

It is about such people that Huzoor Sayyidi Taajush Shariah Radi Allahu Anhu and Huzoor Sayyidi Muhad'dith e Kabeer Qible have been warning us. It is about the same agents of unholy unity, that Huzoor Sayyidi Murshid-e Kareem Sarkaar-e Taaj al Shariah Radi Allahu Anhu says,

**Suhle-Kulli Nabi Ka Nahin Sunniyo ! (The agents of unholy unity, From the Nabi are Disconnected)**

**Sunni Muslim He Sach-Cha Nabi Ke Liye (Only the Sunni Muslims are truly Loyal, to the Nabi, most Exalted)**

Written By :- Kalifah Wa Wakeel of Huzoor Taaj Al Shariah
& Khalifah-e Huzoor Muhaddit-e Kabeer Maulana
**Muhammad Afthab Cassim Qaadiri Razvi Noori**
Imam Mustafa Raza Research Center
Durban, South Africa

<u>Pinned By</u>
Jamat Raza E Mustafa
BR-Saurashtra Zone, (Guj)

## સમાચાર સરગમ

## જશ્ને શાદી

✲ જુનાગઢના રહેવાસી મોહતરમા મુમતાઝબેન રફીકભાઈ ગીરાચના નેક ફરઝંદ **સરફરાઝ** ની નિકાહ, જુનાગઢના રહેવાસી જનાબ ફૈઝુદીનખાનની નેક દુખ્તર **મુસ્કાનબાનુ** સાથે તા. ૨૪-૧૨-૨૦૨૩ ના રોજ સંપન્ન થયેલ. આ ખુશીના પ્રસંગે દુલ્હાની વાલેદા મુમતાઝબેન રફીકભાઈ ગીરાચ તરફથી હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત જુનાગઢને રૂા. ૧૧૦૦/-, હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશનને રૂા. ૨૫૦/-, ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન (પોરબંદર) ને રૂા. ૨૫૦/-, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ રાજકોટને રૂા. ૨૫૦/-, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૦/- તેમજ હાલ નકાલા (મોઝામ્બીક) થી પધારેલા દુલ્હાના બહેન-બનેવી સાહિસ્તા મુસ્તાક હાસમ વિજળીવાળા (જામનગર) તરફથી હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત જૂનાગઢને રૂા. ૧૧૦૦/- હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશનને રૂા. ૫૦૦/-, ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન (પોરબંદર) ને રૂા. ૫૦૦/-, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ (રાજકોટ) ને રૂા. ૫૦૦/-, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૫૦૦/- ડોનેશન આપેલ છે. ઉપરોકત ખુશીના પ્રસંગે ડોનેશન આપવા બદલ તમામ સંસ્થાઓ વતી શુક્રિયા સાથે મુબારકબાદ.

✲ વેરાવળ હાલાઈ મુસ્લિમ ખત્રી જમાતના પ્રમુખ જનાબ હાજી અબ્દુલ્લાહ નુરમોહંમદ ભુચેરાની પૌત્રી **અમરીન** ની નિકાહ પોરબંદરના રહીશ જનાબ જાવીદ હાજી હાસમ દગીયાના નેક ફરઝંદ **મ. રીયાઝ** સાથે તા. ૯-૧-૨૦૨૪ ના રોજ વેરાવળ મુકામે થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હનપક્ષ તરફથી હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત વેરાવળને રૂા. ૨૦૦/- ડોનેશન આપેલ છે.

તેમજ દુલ્હાપક્ષ તરફથી જનાબ જાવિદ હાજી હાસમ હુસેન દગીયા (પોરબંદર) તરફથી ઓલ મુસ્લિમ ખત્રી અંજુમનના જનરલ ડે. કે. ફંડમાં રૂા. ૫૦૦/- તથા સંસ્થાના મુખપત્ર ખાદિમને રૂા. ૬૦૦/- બક્ષિશ આપેલ છે.આ ઉપરાંત હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશનને રૂા. ૫૦૦/- હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત વેરાવળને રૂા. ૫૦૦/- બક્ષિશ આપેલા છે. ડોનેશન આપવા બદલ દરેક સંસ્થા વતી બંને પક્ષનો શુક્રિયા સાથે મુબારકબાદ.

✲ રાજકોટ ના રહીશ જનાબ દાઉદ નૂરમોહંમદ ગેલુની નેક દુખ્તર **સબિનાબાનુ** ની નિકાહ જામનગરના રહીશ જનાબ મોહંમદસલીમ હાજી અબ્દુલ કરીમ આસરાના નેક ફરઝંદ **અવેસ** સાથે ઉમાઈશ કોમ્પ્લેકસમાં રાજકોટ જમાત તથા મહેમાનોની હાજીરીમાં તા. ૩૦-૧૨-૨૦૨૩ ના રોજ સગાઈ તથા નિકાહનો સાથે પ્રોગ્રામ થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હનપક્ષ ગેલુ પરિવાર તરફથી હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત રાજકોટને રૂા. ૫૦૦/-, ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન (પોરબંદર) ને રૂા. ૫૦૦/-, ખાદિમને રૂા. ૫૦૦/-, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૫૦૦/-, હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશનને રૂા. ૫૦૦/-, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૫૦૦/- તેમજ દુલ્હાપક્ષ તરફથી હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત રાજકોટને રૂા. ૨૦૦/-, ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન (પોરબંદર) ને રૂા. ૨૦૦/-, ખાદિમને રૂા. ૨૦૦/-, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૦૦/-, હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશનને રૂા. ૨૦૦/-, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૦૦/- ડોનેશન આપવા બદલ દુલ્હન તથા દુલ્હા બંને પક્ષનો આભાર સાથે દરેક સંસ્થા તરફથી મુબારકબાદ.

## સંસ્થાના કર્ઝમાંથી મુકત

✲ જનાબ મો. એતેસામ આદમ ડોર (સુરત) એ ઓલ મુસ્લિમ ખત્રી અંજુમનના જનરલ ડે. કે. ફંડમાંથી ઉચ્ચ અભ્યાસ માટે લોન લીધેલ. તે રૂા. ૩૦૦૦૦૦/- (ત્રણ લાખ) લોન લીધેલ હતી તે તા. ૧૩-૯-૨૦૨૩ ના રોજ ચુકવી સંસ્થાના કર્ઝમાંથી મુકત થયાં છે. આ ખુશીના પ્રસંગે રૂા. ૫૦૦૦/- જનરલ ડે. કે. ફંડમાં ડોનેશન પણ આપેલ છે. શુક્રિયા સાથે મુબારકબાદ.

✲ મોહતરમા મુમતાજ મો. હનીફ મચ્છર (જુનાગઢ) એ ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન (પોરબંદર) ના જનરલ ગૃહ ઉધોગ ફંડમાંથી સિલાઈ મશીન માટે લોન લીધેલ હતી. તેની બાકી રકમ રૂા. ૨૦૪૦/- તા. ૭-૧-૨૦૨૪ ના રોજ ચુકતે કરી સંસ્થાના કર્ઝમાંથી મુકત થયાં છે. શુક્રિયા.

## અગત્યની નોંધ

✲ ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન (પોરબંદર) સ્કોલરશીપ (ધો. ૫ થી ૧૨) શૈક્ષણિક લોન (કોલેજકક્ષાએ) જરૂરીયાતમંદ ઝકાતના ખરાં હકદારને ઝકાતફંડમાંથી સહાય ગૃહઉધોગ ફંડમાંથી સિલાઈ મશીનની લોન... વિગેરે અવિરત પણે કરે છે અને ઈન્શાઅલ્લાહ કરતી રહેશે.

પ્રમુખ :- જનાબ નઝીર એહમદ અ. શકુર કારાતેલા - મો. ૯૯૨૫૭૨૮૩૮૪

સેક્રેટરી :- જનાબ મો. અમીન અ. લતીફ ગીરાચ - મો. ૯૮૨૫૭૫૪૫૨૮

# ગુગલ શું છે ???

૧. ગુગલ એક સેકન્ડમાં લગભગ ૯,૪૦,૦૦૦ રૂપિયા કમાય છે.
૨. તેના સ્થાપકનું નામ લેરી પેજ અને સર્ગેઇ બ્રિન છે.
૩. ગુગલ ની ૪૦ દેશોમાં ૭૦ થી વધુ ઓફિસો છે. આ પોતે જ એક મોટી સિધ્ધી છે.
૪. ગુગલે છેલ્લા ૧૨ વર્ષમાં ૮૨૭ કંપનીઓ ખરીદી છે. હવે તમે અંદાજ લગાવી શકો છો કે ગુગલ કેટલી મોટી કંપની છે.
૫. અત્યારે ગુગલમાં ૪૨૦૦૦૦ થી વધુ કર્મચારીઓ કામ કરે છે. પરંતુ અત્યાર સુધી ગૂગલના ઘણા કર્મચારીઓ અબજોપતિ બની ગયા છે.
૬. જો કે ગુગલની ચોકકસ આવક કોઇ કહી શકતું નથી. પરંતુ ગૂગલની વાર્ષિક આવક લગભગ ૫૫,૦૦,૦૦,૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ ડોલર છે.
૭. તમને ખબર જ હશે કે એન્ડ્રોઇડ ઓપરેટિંગ સિસ્ટમ એ ગૂગલની જ ભેટ છે. પરંતુ શું તમે જાણો છો કે દરેક ૫ માંથી ૪ સ્માર્ટફોન ફકત એન્ડ્રોઇડ ઓપરેટિંગ સિસ્ટમ પર ચાલે છે.
૮. ગૂગલે તેની હેડ ઓફિસ માં ઘાસ કાપવા માટે લગભગ ૨૦૦૦૦ બકરાં રાખ્યા છે. હા, તમે સાચું જ વાંચ્યુ છે, હકીકતમાં ગૂગલ તેની ઓફિસના લોનમાં મોવરનો ઉપયોગ કરતું નથી કારણ કે તેમાંથી નીકળતો ધુમાડો અને અવાજ ત્યાં કામ કરતા કર્મચારીઓને મુશ્કેલીમાં મૂકે છે.
૯. દર અઠવાડિયે ૨૨૦,૦૦૦ થી વધુ લોકો ગૂગલ માં નોકરી માટે અરજી કરે છે.
૧૦. ગૂગલ ની ૯૫% થી વધુ કમાણી તેના દ્વારા પ્રકાશિત જાહેરાતોમાંથી આવે છે.
૧૧. મારા પર વિશ્વાસ કરો, આંખના પલકારામાં, ગૂગલે રૂા. ૫૫૦ લાખની કમાણી કરી હશે.
૧૨. તમે ઘણીવાર વિચાર્યુ હશે કે ગૂગલ શબ્દ કયાંથી આવ્યો છે, અમે તમને કહીએ છીએ કે, હકીકતમાં ૧ ની પાછળ ૧૦૦ શૂન્ય લગાવવાથી બનેલી સંખ્યાને ગૂગલ કહેવામાં આવે છે અને ગૂગલ આ શબ્દમાંથી જ બને છે.
૧૩. હવે તમે વિચારતાજ હશો કે ગૂગલનું નામ Googol કેમ ન હોતું, તેનું નામ Google કેમ રાખવામાં આવ્યું ? વાસ્તવમાં ગૂગલ નામએક સ્પેલિંગ મિસ્ટેક છે. મતલબ ટાઇપ કરતી વખતે Googol ને બદલે Google ટાઇપ કર્યું અને પરિણામ તમારી સામે છે.
૧૪. ગૂગલ એ ૨૦૦૬ માં યુ ટયુબ ખરીદ્યુ હતું, તે સમયે ઘણા લોકો આ ડીલને ગૂગલ ની મોટી ભૂલ માનતા હતા અને આજે સમગ્ર વિશ્વમાં યુ ટયુબ દર મહિને લગભગ ૬ અબજ કલાક જોવામાં આવે છે.
૧૫. ગૂગલ પર દર સેકન્ડે ૬૦,૦૦૦ થી વધુ સર્ચ કરવામાં આવે છે.
૧૬. ૨૦૧૦ થી ગૂગલે દર અઠવાડિયે ઓછામાં ઓછી એક કંપની ખરીદી છે.
૧૭. ગૂગલે તેના સ્ટ્રીટ વ્યૂ મેપ માટે ૮૦ લાખ ૪૬ હજાર કિલોમીટરના રોડની સમકક્ષ ફોટોગ્રાફસ લીધા છે.
૧૮. ગૂગલનું આખું સર્ચ એન્જિન ૧૦૦ મિલિયન ગીગાબાઇટ્સ છે. આટલો ડેટા તમારી પાસે સાચવવા માટે એક ટેરાબાઇટની એક લાખ ડ્રાઇવની જરૂર પડશે.
૧૯. ગૂગલે તેની એન્ડ્રોઇડ ઓપરેટિંગ સિસ્ટમનું નામ એબીસીડી કપકેક, ડોનટ, એકલેર, ફ્રોયો, જીંજરબ્રેડ, હનીકોમ્બ, આઇસ્ક્રીમ સેન્ડવિચ, જેલી બીન, કિટકેટ, લોલીપોપ માર્શમેલોના મૂળાક્ષરો અનુસાર N અને આગામી O કરતાં રાખ્યું છે.
૨૦. યાહૂ કંપની ગૂગલને ૧૦ લાખ ડોલરમાં ખરીદવા માંગતી હતી પરંતુ તે થઇ શકયું નહીં.
૨૧. જયારે ગૂગલ લોન્ચ થયું ત્યારે ગૂગલના સ્થાપકને HTML કોડનું બહુ જ્ઞાન ન હોતું. તેથી જ તેણે ગૂગલનું હોમપેજ ખૂબ જ સરળ રાખ્યું હતું અને હજુ પણ તે એકદમ સરળ છે.
૨૨. ૨૦૦૫ માં ગૂગલે ગૂગલ મેપ અને ગૂગલ અર્થ જેવી નવી એપ્લિકેશનો શરૂ કરી. તેમાં એવી વિશેષ્તાઓ છે, જે આખી દુનિયાને એક ક્ષણમાં માપી શકે છે. એટલે કે હવે તેની પહોંચ ચંદ્ર સુધી છે.
૨૩. દુષ્ટ ન બનો એ ગૂગલનું બિનસત્તાવાર સૂત્ર છે.
૨૪. ગૂગલના હોમપેજ પર ૮૮ ભાષાઓનો ઉપયોગ કરી શકાય છે.

# બાળકોમાં વાંચનની ટેવ કેવી રીતે પાડશો ?

મોબાઈલમાં વોટ્સએપ, યૂ ટ્યૂબ, ફેસબુક જેવી એપ્લિકેશન આવી ત્યારથી વાંચનની ટેવ ગઈ ! બાળક હોય કે વડીલ, સ્ત્રી હોય કે પુરૂ, બધામાં આ અસર જોવા મળે છે. મોબાઈલની આ લત રહેશે અને વાંચન નહીં થાય તો જેને વધુ જીવવાનું છે તેને વધુ નુકસાન થવાનું છે એની ગેરંટી.

મોબાઈલ અને ટી.વી. ના ભાર નીચે પુસ્તકો દબાઈ ગયાં છે. જેના હાથમાં પુસ્તક કે સામયિક હોવું જોઈએ એના હાથમાં મોબાઈલ જોવા મળે છે. મોબાઈલ માત્ર ને માત્ર નુકસાનકર્તા છે એવું નથી, પણ મોબાલઈનો ઉપયોગ જ્યાં અને જેટલો કરવાનો હોય ત્યાં અને તેટલો જ કરીએ તો ફાયદાકારક છે, પણ એમ નથી થતું ત્યારે નુકસાનકારક છે.

વાંચન એટલે શાળા કે કોલેજની પરીક્ષામાં પાસ થવા માટે વાંચવામાં આવતા પુસ્તકોની વાત અહીં નથી. તે સિવાય સમય પસાર કરવા, જ્ઞાનમાં સમૃધ્ધિ લાવવા, મનોરંજન મેળવવા વગેરે માટે થતા વાંચનની વાત અહી છે. વાંચન એ તો વિચાર અને વર્તનનો પાયો છે. નહીં વાંચવાની કુટેવ આજે બાળકો અને યુવાનોમાં વિશેષ જોવા મળે છે. જેનું નુકસાન પણ તેઓને થાય છે. આજે સૌ માબાપ ઈચ્છે છે કે, મારા બાળકમાં વાંચનની ટેવ હોય, તેમની આ ઈચ્છા પૂરી થતી નથી. તે માટે બાળક કરતાં વાલી વધુ જવાબદાર છે.

ઘરમાં ટીપોઈ પર મુખવાસની ડબી કરતાં પુસ્તક ઘરની શોભા વધુ વધારે છે. સવારે ઉઠીને સમાચારપત્ર વાંચવાની ટેવ દિવસ સુધારે છે. ટાઈમપાસ કરવા માટે મોબાઈલ મચેડવો એના કરતાં પુસ્તકનાં પાનાં ઉથલાવવા વધુ ફાયદાકારક છે. આ શકય બનાવવું હોય તો ઘરમાં દરેક વાલીએ પોતે દરરોજ વધુ નહીં તો અડધો કલાક વાંચન કરવું જોઈએ. ઘરમાં સવાર-સાંજ સેવા માટે અપાતા સમયનો અડધો સમય પણ જો વાંચવા માટે આપવામાં આવશે તો વધુ ફાયદો થશે.

ઘરમાં બાળકોનું વર્તન વાલીના વર્તનને જોઈને ઘડાય છે. ઘરમાં વાલી જે પ્રવૃતિ કરતા હશે તે જ પ્રવૃત્તિ તેનું બાળક કરશે. એ માટે તેને કહેવાની કે ટોકવાની જરૂર નથી. ટી.વી. માં સિરિયલ જોતી મમ્મી બાળકને વાંચવાનું કહેશે તો બાળક વાંચવા નહીં બેસે. મોબાઈલમાં બિઝી રહેતા પપ્પા પોતાના સંતાનને વાંચવા બેસવાનું કહેશે તો સંતાન બેસે ખરું ?

હકીકતમાં બાળકમાં જો વાંચનની ટેવ વિકસાવવી હોય તો વાલીએ પણ વાંચન શરૂ કરવું જોઈએ. બાળકમાં વાંચનની ટેવ પાડવા માટેનો આ સરળ ઉપાય છે. દરેક બાળકને ટી.વી. કે વિડીયો ગેમ ગમે જ છે. આ માટે બાળકને રોકવાનાં નથી. પણ અહીં બાળક સામે એક શરત મુકવાની છે. કે બાળક જેટલું ટી.વી. જુએ કે વિડીયો ગેમ રમે એનો અડધો સમય, હા... માત્ર અડધો સમય વાંચવા બેસવુ પડશે.

અહીં બાળક શરતનો અમલ કરે કે ના કરે બન્ને રીતે ફાયદો જ છે. માની લો કે બાળકને શરત મંજૂર નથી તો વાલી કહી શકે કે તારે ટી.વી. નહીં જોવાનું. અમે તને ટી.વી. જોવાની ના નથી પાડતા. તું ટી.વી. જો અને જેટલું જુએ એનો અડધો સમય તું વાંચવા બેસ. જો બાળકને શરત મંજૂર નહીં હોય તો તેનું ટી.વી. જોવાનું કે વિડીયો ગેમ રમવાનું પણ બંધ થઈ જશે.

માની લઈએ કે, બાળકને શરત મંજૂર છે. એને જેટલું ટી.વી. [illegible] એટલું જોવા દો. અડધો સમય તો એ વાંચવા બેસવાનો જ છે ને. આ પણ ફાયદામાં જ છે. વધુ ટી.વી. તો વધુ વાંચન. ઓછું વાંચન તો ઓછું ટી.વી. બન્ને બાજુ ફાયદો જ છે.

અહીં ખાસ એ ધ્યાનમાં રાખવાનું છે કે, વાંચન એટલે પાઠ્યપુસ્તક નહીં. પણ ઇતર કે વિશેષ વાંચન. જેમ ટી.વી. કે વિડીયો ગેમ અભ્યાસ સિવાયના છે એમ પુસ્તકો પણ અભ્યાસ સિવાયના હોવા જોઈએ. આ માટે બાળકની ઉંમર અને રસ પ્રમાણેનાં પુસ્તકો ઘરમાં વસાવી લેવા જોઈએ અથવા તો કોર્પોરેશન કે શાળા-કોલેજની લાઈબ્રેરીમાંથી લઈ આવવા જોઈએ. બાળકોને રસ મુજબ પુસ્તકોની પસંદગી મળી રહે એમ વાલીએ કરવું જોઈએ.

શરૂઆતમાં બાળકના રસ મુજબ પુસ્તકો વાંચવા આપો. તમને ગમે છે એવા નહીં. બાળકને ગમે છે એવાં પુસ્તકો આપો. કેટલાક મહિના પછી વાંચનની ટેવ પડે ત્યારબાદ તેના વ્યકિતત્વના વિકાસ માટેના કે મૂલ્યવર્ધક પુસ્તકો આપી શકાય. શરૂઆતમાં બાળકને પુસ્તકો કે વાંચનના વિષય નકકી કરવા દો. ટેવ પડે પછી તમે કે શિક્ષક દ્વારા નકકી કરો.

અહીં દરરોજ નહીં અઠવાડિયામાં બે-ચાર વાર બાળકની સાથે વાંચન કરવા બેશો. ઘરમાં સાથે જમવા બેસીએ છીએ. સાથે ટી.વી. કે ફિલ્મ જોઇએ છીએ તેમ અડધો કલાક માટે સાથે વાંચન કરવા પણ બેસી શકાય. આ બાબત બાળકોને વધુ સ્પર્શ કરશે. આવી મુદ્રામાં થતું વાંચન યોગ કે ધ્યાનની મુદ્રા કહેવાય.

અશોકી : બાળકના જન્મદિવસ નિમિત્તે તેના નામથી કોઇ એક સામયિકનું લવાજમ બાંધી આપો. તેના નામથી ટપાલમાં આવતું સામયિક બાળક રસ, ધ્યાન અને આનંદ સાથે ચોકકસ વાંચશે.

## ધ હાયર એજયુકેશન ઓફ ઈન્ડિયન્સ જમશેદજી ટાટા ઈન્ડાઉમન્ટ સ્કોલરશિપ

અંગ્રેજોની ગુલામીમાં ઝકડાયેલા ભારત દેશને આત્મનિર્ભર બનાવવા માટેની પહેલ દેશમાં જમદેશજી ટાટાએ કરી હતી એમ કહી શકાય. જમશેદજી ટાટાએ જોયેલું સપનું આજે સાકાર થયું છે અને વિશ્વમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યું છે. ઉધોગની સાથે શિક્ષણને મહત્વ આપવાની શરૂઆત તેમણે જ કરી હતી. અનેક સંસ્થાનોના નિર્માણમાં ટાટા સમૂહનું યોગદાન રહ્યું છે. ભારતના કૌશલ્યસભર ઉમેદવારોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવું અને ઈન્ટરનેશન લેવલે પહોંચાડવા માટે આર્થિક મદદ પણ કરે છે. ટાટા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સ્કોલરશિપ, ફેલોશિપ, એજયુકેશન એવોર્ડથી લઇને સ્પોર્ટ્સ સહિતના આર્ટ ફિલ્ડમાં વિવિધ સહાય કરવામાં આવે છે. ભારતના વિધાર્થીઓ વિદેશમાં જઇને અભ્યાસ કરી શકે તે માટે ધ જે એન ટાટા ઈન્ડાઉમન્ટ સ્કોલરશિપ એવોર્ડ આપવામાં આવે છે. ઈચ્છુક ઉમેદવાર નિયમોને આધિન અરજી કરી શકે છે.

<u>મહત્વની બાબતો :-</u>

- ભારતીય નાગરિક હોવું ફરજિયાત છે.
- ભારત સરકાર માન્ય શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરેલો હોવો જોઇએ.
- બેચલર ડીગ્રીમાં ઓછામાં ઓછા ૬૦ ટકા મેળવેલા હોવા જોઇએ.
- કોઇપણ અભ્યાસ શાખાના વિદ્યાર્થી આ સ્કોલરશિપ માટે અરજી કરી શકે છે.
- જે ઉમેદવાર બેચલર ડીગ્રીના છેલ્લા વર્ષમાં હોય અને રિઝલ્ટ આવ્યું ન હોય તે પણ અરજી કરી શકે છે.
- એકેડેમિક રેકોર્ડ એકસલન્ટ હોવો જરૂરી છે અને ઉમેદવારની વય ૪૫ વર્ષ થી વધુ ન હોવી જોઇએ.
- સેમિનાર, કોન્ફરન્સ અને અન્ડરગ્રેજયુએટ માટે વિદેશ જવા ઈચ્છુક ઉમેદાર માટે આ સ્કોલરશિપ માન્ય નથી.

<u>પસંદગી :-</u>

- એકેડેકિ પરફોર્મન્સ પર સૌથી મોટો આધાર રાખવામાં આવે છે.
- કો-કરિક્યુલર અને કરિક્યુલરને પણ ધ્યાનમાં લેવામાં આવે છે.
- જીઆરઈ, જીમેટ, ટોફેલ અને આઇઇએલટીએસ જેવી પરીક્ષામાં સારો સ્કોર મેળવેલો હોવો જોઇએ.
- ધ સ્ટેટમેન્ટ ઓફ પરપઝ સ્કોલરશિપની તક વધારી આપી છે. આ સ્ટેટમેન્ટ માટે ગાઈડલાઈન વેબસાઇટ પર આપવામાં આવી છે.
- સ્ક્રીનિંગમાં જે ઉમેદવારની પસંદગી કરવામાં આવશે તેમાંથી ઓનલાઇન ટેસ્ટ માટે શોર્ટલિસ્ટ બનાવવામાં આવશે.
- થિંકિંગ સ્કિલ એસેસમેન્ટના આધારે ઓનલાઇન ટેસ્ટ લેવામાં આવશે.
- ત્યારબાદ ઈન્ટરવ્યૂ લેવામાં આવશે.

<u>સહાય :-</u>

- લોન સ્કોલરશિપ એક લાખથી દસ લાખ રૂપિયા સુધી આપવામાં આવશે.
- પસંદગી પામેલા ઉમેદવાર ટાટા ટ્રસ્ટની ગિફ્ટ સ્કોલરશિપ અને ટ્રાવેલ ગ્રાન્ટ પણ મેળવી શકે છે.
- ગિફ્ટ સ્કોલરશિપ વધુમાં વધુ ૭,૫૦,૦૦૦ સુધી આપવામાં આવે છે. જયારે ટ્રાવેલ ગ્રાન્ટ ૫૦,૦૦૦ સુધી ફાળવવામાં આવે છે.

અરજી :-

- અરજી ઓનલાઈન કરવાની રહેશે.

RNI Title Code - GUJGUJ/08093

Post-Regod-No.-L2/18/G-PBR-35/2024-26
Reg. No. 15043

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- છૂટક કિંમત રૂા. ૧૦/-

If undelivered please return to:

માસિક ખાદિમ

From.
All Muslim Khatri Anjuman (Porbandar)
Jamadar Faria, PORBANDAR
Pin Code : 360 575 (India)

To. ______________________

- અરજી માટે ઉમેદવારે પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
- અરજી સાથે તમામ શૈક્ષણિક ડોકયુમેનટ જોડવાના રહેશે.
- અરજી કર્યા બાદ ઉમેદવારે સિલેકશન પ્રોસેસની અપડેટ મેળવતી રહેવી જરૂરી છે.

સ્કોલરશિપ માહિતી માટે :-

- https://t.ly/wktT3

અરજી સંબંધિત પૂછપરછ માટે :-

- jnte@tatatrusts.org
- અરજીમાં કોઈ પ્રોબ્લેમ આવે તો સ્કીનશોટ પાડીને મેઈલ કરવાના રહેશે.

સંપર્ક :-

The JN Tata Endowment for the Higher Education of Indians
Mulla House, Forth Floor,
51, Hahatma Gandhi Road,
Fort, Mumbai - 400 001. India.
Phone : +91 22 66657774. 66657198. 66657681
Emil : jnte@tatatrusts.org

# માસીક તારવણી – ડીસેમ્બર ૨૦૨૩
## તા. ૧-૧૨-૨૦૨૩ થી તા. ૩૧-૧૨-૨૦૨૩ સુધી

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૩૧૯૪-૦૦ | બરકત સીલક જમાં | ૩૮-૦૦ | ટપાલ ખર્ચ ખાતે ઉધાર |
| ૫૨૦૦૦-૦૦ | ડે.કે. ફંડ લોન વ્યકિતગત હપ્તા ખાતે જમાં | ૪૫૦૦-૦૦ | લાઈબ્રેરી ખર્ચ ખાતે ઉધાર |
| ૨૦૦-૦૦ | જ.ડે.કે. ફંડ ખાતે જમાં | ૮૯૪૨-૦૦ | ખાદિમ પત્રિકા ખર્ચ ખાતે ઉધાર |
| ૧૨૦૦-૦૦ | જ.બક્ષિશ ફંડ ખાતે જમાં | ૬૮૦૦-૦૦ | સ્ટાફ પગાર ખર્ચ ખાતે ઉધાર |
| ૩૧૦૦-૦૦ | ખાદિમ પત્રિકા ખાતે જમાં | ૩૦૦૦૦૦-૦૦ | ડે.કે. ફંડ લોન વ્યકિતગત ખાતે ઉધાર |
| ૮૫૦-૦૦ | ડે.કે. ફંડ બી.નં. ૧ પોરબદર ભાડા ખાતે જમાં | ૫૨૨૦૦-૦૦ | SBI ઠકકરપ્લોટ ખાતે ઉધાર |
| ૩૧૫૦૦૦-૦૦ | બેંક ઓફ મહારાષ્ટ્ર ખાતેથી જમાં | ૩૭૨૪૮૦-૦૦ | કુલ જાવક |
| | | ૩૦૬૪-૦૦ | પુરાંત બરકત જમા |
| ૩૭૫૫૪૪-૦૦ | કુલ આવક | ૩૭૫૫૪૪-૦૦ | ટોટલ |

પ્રકાશક :- મેનેજીંગ કમિટી, ઓલ મુસ્લિમ-ખત્રી અંજુમન (પોરબંદર), જમાદાર ફળીયા, પોરબંદર-૩૬૦૫૭૫
મુદ્રક :- રસીકલાલ મનજી ભરાણીયા મુદ્રક સ્થળ :- ઉષા પ્રિન્ટરી, પોરબંદર. ફોન : ૨૨૪૪૭૫૩